પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૩૧૭ | ૨૯ જાન્યુઆરી, ૨૦૨૧, શુક્રવાર; પોષ વદ - ૧ | પાનાં - ૧૨ કિંમત રૂ. ૨.૦૦

# ખેડૂત આંદોલનના અંતનો આરંભ

## ગાઝીપુર બોર્ડર પોલીસ છાવણીમાં ફેરવાઈ : ખેડૂતોને હટાવવા ગાઝીપુર બોર્ડર પર પાણીનો સપ્લાય કાપી નખાયો : કામચલાઉ ઊભા કરાયેલા ટોયલેટ પણ હટાવી દેવાયા, ખેડૂતોને સ્થળ ખાલી કરવા પોલીસનું અલ્ટિમેટમ, શાંતિપૂર્વક ધરપકડ માટે ટિકૈતની તૈયારીઓ

નવી દિલ્હી, તા. ૨૮

કૃષિ કાયદા વિરુદ્ધ વિતેલા બે મહિનાથી ચાલી રહેલા આંદોલન બાદ પ્રજાસત્તાક દિવસે ટ્રેક્ટર પરેડમાં થયેલી હિંસા પછી ખેડૂત આંદોલન નબળું પડી રહ્યું હોવાનું જોવા મળે છે. દિલ્હીમાં થયેલા તોફાનોને પગલે પોલીસે યોગેન્દ્ર યાદવ, બલદેવ સિંહ સિરસા, બલવિર એસ રાજેવાલ સહિત ૨૦ ખેડૂત નેતાઓને નોટિસ ફટકારી છે. દિલ્હી-નોઈડા રોડ ઉપર ચિલ્લા સરહદે ધરણા પર બેઠેલા ભારતીય કિસાન યુનિયન (ભાનૂ)એ બુધવારે પોતાના ધરણા આટોપી લીધા હતા. હવે ચિલ્લા બોર્ડરથી દિલ્હી-નોઈડાનો રસ્તો ૫૭ દિવસ બાદ પરિવહન માટે ફરીથી ખુલી ગયો છે. દિલ્હી-ગાઝીયાબાદ રોડ ઉપર પણ પરિવહ સામાન્ય થઈ ગયું છે.

દિલ્હી પોલીસ દ્વારા ૨૬મી જાન્યુઆરીની હિંસાને લઈને ૨૫ જેટલી એફઆઈઆર દાખલ કરવામાં આવી છે. પંજાબી એક્ટર દીપ સિધૂ અને લખ્ખાના નામ એફઆઈરઆમાં હોવાનું જણાયું છે. દિલ્હી પોલીસે ટ્રેક્ટર રેલી સંદર્ભે પોલીસ સાથે થયેલી સમજૂતિને નહીં સ્વીકારવા બદલ યોગેન્દ્ર યાદવ, સિરસા સહિતના





૨૦ ખેડૂત નેતાઓને નોટિસ ફટકારી છે અને તેમને ત્રણ દિવસમાં જવાબ આપવા જણાવ્યું છે. ગૃહ મંત્રી અમિત શાહ ગણતંત્ર દિવસ પર ટ્રેક્ટર પરેડ વખતે થયેલી હિંસામાં ઘવાયેલા પોલીસકર્મીઓને મળી તેમના ખબરઅંતર પૂછે તેવી સંભાવના છે. સૂત્રોના મતે અમિત શાહ ઉત્તર દિલ્હીની બે હોસ્પિટલમાં ઘાયલ પોલીસકર્મીઓને ળીને તેમના ખબર અંત પુછ્યા હતા.

પ્રજાસત્તાકના દિવસે દિલ્હીમાં ખેડૂતોની ટ્રેક્ટર રેલી દરમિયાન થયેલી હિંસા બાદ ખેડૂતોને ઘર ભેગા કરવા માટે હવે પોલીસ એક્શન મોડમાં આવી ગઈ છે. જે અંતર્ગત ગાઝીપુર બોર્ડર પર દિલ્હી અને યુપી પોલીસ પહોંચી ગઈ છે અને પોલીસે ખેડૂતોને રસ્તો ખાલી કરવાનું કહ્યું છે. ખેડૂત નેતા રાકેશ ટિકૈત સહિત તમામ લોકો સાથે વાતચીત થઈ રહી છે. ટિકૈતે કહ્યું હતું કે જો પોલીસ આપણી ધરપકડ કરે છે તો આપણે શાંતિપૂર્વક ધરપકડ થવા દઈશું. પોલીસે ગાઝીપુર બોર્ડર પર આંદોલન કરી રહેલા ખેલાડીઓનો પાણીનો સપ્લાય કાપી દીધો છે.

● અનુસંધાન પાન-૭ પર

# સિંધૂ બોર્ડર પર આંદોલનકારી ખેડૂતો સામે ગામજનોનું પ્રદર્શન

## લાલ કિલ્લા પર તિરંગાના અપમાનથી લોકો નારાજ : ગામના લોકોએ ખેડૂતોને હાઈવે ખાલી કરવા જણાવ્યું, નારેબાજી કરી, વધુ પોલીસ કાફલો ખડકવામાં આવ્યો

નવી દિલ્હી, તા. ૨૮

દિલ્હીની સિંધુ બોર્ડર પાસે આંદોલન કરી રહેલાં ખેડૂતો વિરુદ્ધ ગામના લોકોનો ગુસ્સો ફૂટી નીકળ્યો છે. ગામના લોકોએ ખેડૂતો વિરુદ્ધ પ્રદર્શન કર્યું અને નારેબાજી કરી. સાથે જ તેમની માગ હતી કે હાઈવે ખાલી કરવામાં આવે. ગામના લોકોનું કહેવું છે કે, લાલ કિલ્લા પર જેવી રીતે તિરંગાનું અપમાન થયું, તે સહન નહીં કરે. હિંદુ સેના સંગઠન સહિત અન્ય ગામના લોકોએ હાઈવે ખાલી કરવાની માગ કરી.



બીજી બાજુ, લગભગ બે મહિના બાદ નોએડાના દલિત પ્રેરણા સ્થળ પાસે ભારતીય કિસાન યુનિયન લોક શક્તિનું પ્રદર્શન પૂરું થયું. ગઈકાલે રાત્રે તમામ ખેડૂત પ્રદર્શનકારી ત્યાંથી જતાં રહ્યાં હતાં. જ્યારે ગાજીપુર બોર્ડર પાસે મોટી સંખ્યામાં પોલીસ તૈનાત કરવામાં આવી છે. પેરામિલિટ્રી ફોર્સ, પીએસીની લગભગ દસ કંપનીઓ તૈનાત છે. ગાજીપુર બોર્ડર પર ખેડૂતોના ઘરણા સતત ચાલુ છે. ઉપરાંત ગુરુવારે બપોરે પોલીસ ગાજીપુર બોર્ડર પહોંચી હતી. જ્યાં પોલીસે કિસાન નેતા રાકેશ ટિકૈતને નોટિસ આપી હતી. ટ્રેક્ટર રેલી દરમિયાન થયેલી હિંસામાં પોલીસે ઘણા નેતાઓને લુક આઉટ નોટિસ આપી છે. નોટિસ અંગે રાકેશ ટિકૈતે કહ્યું હતું કે તેઓ ટૂંક સમયમાં જ પોલીસને નોટિસનો જવાબ આપશે. દિલ્હી પોલીસ દ્વારા ૨૬મી જાન્યુઆરીની હિંસાને લઈને ૨૫ જેટલી એફઆઈઆર દાખલ કરવામાં આવી છે. દિલ્હી પોલીસે ટ્રેક્ટર રેલી સંદર્ભે પોલીસ સાથે થયેલી સમજૂતીને નહીં સ્વીકારવા બદલ યોગેન્દ્ર યાદવ, સિરસા સહિતના ૨૦ ખેડૂત નેતાઓને નોટિસ ફટકારી છે.

# યોગેન્દ્ર યાદવ, સિરસા સહિત ૨૦ ખેડૂત નેતાઓને દિલ્હી પોલીસની નોટિસ

ન્યુ દિલ્હી,તા.૨૮

દિલ્લી પોલિસના જણાવ્યા મુજબ ૨૦ ખેડૂત નેતાઓને નોટિસ જારી કરવામાં આવી છે જેમાં યોગેન્દ્ર યાદવ, બલદેવ સિંહ સિરસા, બલબીર એસ રાજેવાલ વગેરે શામેલ છે. આ ખેડૂત નેતાઓ પર પોલિસ સાથે થયેલ સમજૂતી તોડવાનો આરોપ લાગ્યો છે. સાથે જ જવાબ આપવા માટે તેમને ત્રણ દિવસનો સમય આપવામાં આવ્યો છે. વળી, દિલ્લીના અલગ અલગ પોલિસ સ્ટેશનોમાં અત્યાર સુધી લગભગ ૨૫ કેસ નોંધવામાં આવ્યા છે. સાથે જ સીસીટીવી ફૂટેજના આધારે ઉપદ્રવીઓને શોધવામાં આવી રહ્યા છે.

# હું જો પત્તા ખોલવાના શરૂ કરીશ તો ભાગવાનો રસ્તો નહીં મળે

ન્યુ દિલ્હી,તા.૨૮

પ્રજાસત્તાક દિને દિલ્હીમાં ખેડૂતોની ટ્રેક્ટર રેલી દરમિયાન લાલ કિલ્લા પર હિંસા આચરીને નિશાન સાહિબ ધ્વજ લગાડનારા પંજાબી અભિનેતા દીપ સિદ્ધુની એક વિડિયો ક્લીપ ફરતી થઈ હતી જેમાં એ ખેડૂત નેતાઓને ધમકી આપી રહેલો જોઈ સાંભળી શકાતો હતો.

## લાલ કિલ્લા પર ધ્વજ ફરકાવનારા આરોપી દીપ સિદ્ધૂની ખેડૂત નેતાઓને ધમકી

લાલ કિલ્લા પર નિશાન સાહિબ ધ્વજ લગાડ્યા પછી નાસી ગયેલા દીપે ખેડૂત નેતાઓને એવી ધમકી આપી હતી કે તમે મને ગદ્દાર અને ભાજપનો એજન્ટ કહો છો પરંતુ હું મોઢું ખોલીશ તો તમે કોઈન મોઢું બતાવવા જેવા નહીં રહો...હું તમારી પોલ ખોલી નાખીશ તો તમને દિલ્હીથી નાસી જવાનો માર્ગ સુદ્ધાં નહીં મળે....

ખેડુત નેતાઓએ પોતાનો બચાવ કરતાં લાલ કિલ્લામાં થયેલા હિંસાચારના માસ્ટરમાઈન્ડ તરીકે દીપ સિદ્ધુનું નામ આપ્યું હતું. છેલ્લી સંસદીય ચૂંટણી વખતે દીપે અભિનેતા સની દેઓલ માટે પ્રચાર કર્યો હતો એ સમયની સની દેઓલ તથા વડા પ્રધાન સાથેની દીપની તસવીરો પણ ફરતી થઈ હતી. ખેડૂત નેતાઓએ દીપને ભાજપ અને રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘનો એજન્ટ ગણાવ્યો હતો અને એવો આક્ષેપ કર્યો હતો કે ભાજપે

● અનુસંધાન પાન-૧૧ પર

શ્રદ્ધાંજલિ




સ્વ. હસમુખભાઈ ખોડીદાસ પટેલ
હરી ગૃપ (ગાંધીનગર)
સ્વ. તા. ૨૬/૧/૨૦૨૧

પરમકૃપાળુ પરમાત્મા સદ્દગતના આત્માને ચિર શાંતિ આપે અને તેમના પરિવારજનોને આ અણધાર્યા આપત્તિના સમયમાં દુઃખ સહન કરવાની શક્તિ આપે એવી પ્રાર્થના...

જગદીશ સ્ટીલ સ્ટોર્સ
સેક્ટર-૨૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨૨૧૨૧૪

અમરતભાઈ બી. પટેલ
પ્રકાશભાઈ બી. પટેલ
મહેશભાઈ બી. પટેલ
જગદીશભાઈ બી. પટેલ

અંજલિ



સ્વ. હસમુખભાઈ ખોડીદાસ પટેલ
(હરી ગૃપ, ગાંધીનગર)

न जायते म्रियते वा कदाचि- न्नायं भूत्वा भविता न भूयः ।
अजो नित्यः शाश्वतोऽयं पुराणो न हन्यते हन्यमाने शरीरे ॥
॥ શ્રીમદ ભગવદ ગીતા ૨:૨૦ ॥

આ આત્મા કદી જન્મતો નથી કે મરતો નથી, ન તો એ ઉત્પન્ન થઈ ફરી પેદા થવા વાળો છે.
તે તો અજન્મા, નિત્ય, શાશ્વત અને પુરાતન છે. શરીરે હણવાથી તે હણાતો નથી
॥ શ્રીમદ ભગવત્ ગીતા ૨:૨૦ ॥

કિન્નર ઝવેરી અને ટીમ ટીપીએસ | કૃષ્ણકાન્ત જહા અને ગાંધીનગર સમાચાર પરિવાર